# BUSINESS મિત્ર

## નવી લેવાલીથી સેન્સેક્સ 1500 પોઇન્ટથી વધુ ઉછળ્યો

**હેવીવેઇટ** શેરોમાં શોર્ટ કવરીંગને કારણે તેજીનો જુવાળ, નિફ્ટીએ ઇન્ટ્રાડેમાં 23000 પોઇન્ટની સપાટી કુદાવી દીધી

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 15:** ભારતીય શેરબજારમાં ફરી એકવાર તેજી જોવા મળી હતી અને નિફ્ટીએ ઈન્ટ્રાડેમાં 23000 પોઈન્ટની સપાટી કુદાવી દીધી હતી, જ્યારે સેન્સેક્સમાં 1533 પોઈન્ટનો ઉછાળો જોવાયો હતો. શેરબજારમાં આજે હેવીવેઇટ શેરોમાં તેજીનો જુવાળ જોવા મળ્યો હતો. જ્યારે બોર્ડર માર્કેટ સુસ્ત રહ્યું હતું. જોકે, શેરબજારની તેજી વચ્ચે યસ બેન્કના બોન્ડના મામલે સુપ્રીમ કોર્ટના ચુકાદાથી તેજીને બ્રેક વાગી હતી. આજે યસ બેન્કમાં 10 ટકાની લોઅર સર્કિટ વાગી હતી, ત્યારબાદ પણ યસ બેન્કમાં ઘટાડો આગળ વધ્યો હતો.

આજે વૈશ્વિક બજારોમાં પણ હડકંપ મચી જવા પામ્યો હતો. એઆઇ સંબંધિત દેવા અંગે વૈશ્વિક બજારોમાં સતત ચિંતાઓ અને સેમિકન્ડક્ટર ઉદયોગમાં વધતી જતી સ્પર્ધા છતાં હેવીવેઇટ શેરોમાં ખરીદી જોવા મળી હતી. સપ્ટેમ્બર ક્વાર્ટરની કમાણીના આશાવાદે બજારમાં વધુ મજબુતાઇ રહી હતી. જેમાં રૂપિયાની મજબૂતાઇ અને ક્રુડ ઓઇલના ભાવમાં ઘટાડો તથા યુએસ યીલ્ડમાં ઘટાડો દ્વારા ટેકો મળ્યો હતો.

સેકટર વાઇઝ જોઇએ તો પ્રાઇવેટ બેન્ક, આઇટી અને ઓટો શેરોમાં તેજી રહી હતી. જ્યારે પીએસયુ બેન્ક, મીડિયા અને એફએમસીજી શેરોમાં નરમાઇ જોવા મળી હતી. બીજી તરફ, બ્રોડર માર્કેટમાં નરમાઇ જોવા મળી હતી.

બીએસઇ સેન્સેક્સ 1533.72 પોઇન્ટ એટલે કે 2.11 ટકા ઉછળીને 74315.61 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 74330 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે 72896 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 374.65 પોઇન્ટ એટલે કે 1.66 ટકા વધીને 22997.35 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 23000 પોઇન્ટની સપાટી કુદાવીને 23056 પોઇન્ટના સ્તર સુધી વધી હતી, જ્યારે નીચામાં 22637 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 494.50 પોઇન્ટ એટલે કે 0.89 ટકા વધીને 5581.50 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે મધરસન સુમી 36.99 ગણા, રાઇટસ લિ.માં 9.63 ગણા, બીએલએસ ઇન્ટરનેશનલમાં 7.03 ગણા, એનએમડીસી સ્ટીલમાં 485 ગણા અને ઇઆઇએચ લિ.માં 4.73 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ઇઆઇએચ લિ.માં 31.65 ગણા, રાઇટસ લિ.માં 28.13 ગણા, બીએલએસ ઇન્ટરનેશનલમાં 20.59 ગણા, ગોદરેજ ઇન્ડસ્ટ્રીઝમાં 16.24 ગણા અને અપોલો ટાયરમાં 8.16 ગણા કામકાજ નોંધાયા છે.

વૈશ્વિક સ્તરે ડાઉ ફ્યુચર્સ 166 પોઇન્ટ વધતા અમેરિકન બજારો પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે. યુરોપિયન બજારોમાં સુધારા સાથે ચાલી રહ્યા છે, જેમાં યુકેના આર્થિક વૃદ્ધિ ડેટા અપેક્ષા કરતા સારા આવ્યા છે અને યુએસ ફુગાવાની ચિંતાને દૂર કરી હતી. આ દરમ્યાન એશિયન બજારોમાં ટેકનોલોજી શેરોમાં ભારે વેચવાલીએ કડાકો બોલાયો હતો. કોસ્પી 7.57 ટકા અને નિક્કીમાં પણ મોટો કડાકો બોલાયો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.79 ટકા અને કેક 0.44 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે ડેક્સ 0.19 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં ઘટાડો જોવાયો હતો.

### રૂપિયામાં સુધારો જળવાયો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 15:** કરન્સી બજારમાં આજે પણ રૂપિયામાં સુધારાની ચાલ આગળ વધતી જોવા મળી છે. ડોલરની સામે રૂપિયો વધુ 11 પૈસા સુધરીને 95ની નજીક સરકતો જોવા મળ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 11 પૈસા સુધરીને 95.05ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.16ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 106.8, પાઉન્ડ 126.74, કેનેડિયન ડોલર 66.94, ઓસ્ટ્રેલિયન ડોલર 65.59, જાપાનીઝ યેન 0.6023, સીંગાપોર ડોલર 74.26ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.05 રૂ. |
| યુરો | 106.80 રૂ. |
| પાઉન્ડ | 125.07 રૂ. |
| યેન | 0.6018 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 1533.72 | 74315.61 |
| નિફ્ટી | 374.65 | 22997.35 |
| બેન્ક નિફ્ટી | 494.50 | 55810.50 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 4.75 | 1650.00 |
| ICICI બેન્ક | 3.80 | 1389.40 |
| રિલાયન્સ ઇન્ડ. | 3.44 | 1215.00 |
| ભારતી એરટેલ | 3.31 | 1854.00 |
| બીએસઇ લિ. | 2.70 | 3428.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| નેસલે ઇન્ડિયા | 7.76 | 1275.80 |
| અદાણી એન્ટર | 0.83 | 2700.00 |
| ટ્રેન્ટ | 0.72 | 2929.70 |
| શ્રીરામ ફાઇનાન્સ | 0.65 | 943.80 |
| ભારત ઇલે. | 0.51 | 380.40 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 4.61 | 1648.70 |
| ICICI બેન્ક | 4.17 | 1395.00 |
| રિલાયન્સ ઇન્ડ. | 4.03 | 1223.30 |
| ભારતી એરટેલ | 2.94 | 1852.00 |
| ઇટર્નલ | 2.77 | 324.35 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ભારત ઇલે. | 0.60 | 379.80 |
| ટ્રેન્ટ | 0.58 | 2948.35 |
| એચયુએલ | 0.15 | 1894.20 |

## સોના-ચાંદી બજારમાં ભૂકંપ : રોકાણકારોના 65.8 લાખ કરોડ રૂપિયાનું ધોવાણ

**અમેરિકી** ફુગાવા ડેટા જાહેર થતાં બુલિયન બજાર ગગડ્યું

**ચાંદી** હજુ 15 ટકાના ઘટાડા સાથે રૂ. 34000 સસ્તી થઇ શકે

મુંબઇ, તા. 15 : આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકી ફુગાવાના ડેટા જાહેર થતાની સાથે જ બુલિયન બજારમાં ભૂકંપ આવ્યો હતો. માત્ર 14 મીનીટના ગાળામાં સોના-ચાંદીના કુલ માર્કેટ કેપમાંથી આશરે 700 મિલિયન ડોલર એટલે કે 65.8 લાખ કરોડનું ધોવાણ થઇ ગયું હતું. યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં અપેક્ષિત કાપ મુકવાના બદલે દર વધારવાની શક્યતા ઉભી થતા રોકાણકારોએ સોના-ચાંદીમાંથી નાણાં પરત ખેંચી લીધા હતા. જેના કારણે સોના-ચાંદીના ભાવો તૂટી ગયા હતા.

સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોના અહેવાલો મુજબ ચાંદીના ભાવમાં હજુય પણ વધુ ગાબડું પડી ખકે છે. ભારતીય બજારમાં વર્તમાન સ્તરથી ચાંદીના ભાવમાં 15 ટકાથી વધુનો ઘટાડો થવાની સંભાવના છે. જો આમ થશે તો ભારતમાં પ્રતિ કિલો ચાંદીના ભાવ હજુય રૂ. 34000 સુધી ઘટી શકે છે. જેનાથી એક કિલો ચાંદીના ભાવ બે લાખ રૂપિયાની નીચે એટલે કે રૂ. 1.86 લાખ સુધી પહોંચી શકે છે. આંતરરાષ્ટ્રીય વાયદા બજારમાં પણ ચાંદી 6.2 ટકા ઘટીને 55.82 ડોલર પ્રતિ ઔંસના સ્તરે બંધ રહી હતી. સોના-ચાંદીના ભાવ ઘટવાના મુખ્ય કારણોમાં અમેરિકામાં સીપીઆઇ આધારિત ફુગાવાનો દર 3.7 ટકા છે. બજારને આશા હતી કે ફુગાવામાં રાહત મળશે, પરંતુ આંકડા વિપરીત આવ્યા હોવાથી અમેરિકી ટ્રેઝરી બોન્ડ ફરી એકવાર 5 ટકાથી વધીને 5.2 ટકા સુધી પહોંચી ગઇ હતી. આ ઉપરાંત, ચાંદીના સૌથી મોટા વપરાશકાર એવા ચીનથી પણ નકારાત્મક સંકેતો મળી રહ્યા છે. ચીનનું સોલાર પેનલ ઉત્પાદન ક્ષેત્ર હાલમાં ભારે આર્થિક સંકટ અને ઓવર કેપેસિટીનો સામનો કરી રહ્યું છે. જેથી આગામી સમયમાં મોટો કર્મચારી કાપ મુકવામાં આવશે. આ ઉપરાંત સોલાર પેનલ નિર્માતાઓ ચાંદીના બદલે કોપર જેવી સસ્તી ધાતુઓનો ઉપયોગ કરવાની તકનીક અપનાવી રહ્યા છે. આ પરિબળોને કારણે 2026માં ઔદ્યોગિક ક્ષેત્રે ચાંદીની વૈશ્વિક માગમાં 2 ટકાનો ઘટાડો થવાનો અંદાજ મુકવામાં આવ્યો છે.

**યાર્ન બજાર સુરત** — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

(GST સાથેના ભાવ)

| | |
|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૪.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૧૧.૫ |
| **લોકલ** | |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ |
| ૬૮/૩૬ | ૧૭૦ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨.૪ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૩.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૧ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૫ |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૮ |

| | |
|---|---|
| ૭૫/૩૬ '' | ૧૫૪ |
| ૫૦/૩૬ '' | ૧૬૦ |
| ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ |
| **RIL રિલાયન્સ** | |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૧૧૪.૧૩ રોટો | --- |
| ૧૦૦ ટેક્ષ | ૧૬૫.૫ |
| **વેલનોન** (જીએસટી સાથે) | |
| ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ |
| ૮૦/૭૨ ફોલ્ડર | ૧૭૭.૫ |
| ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ |
| --- | --- |
| ૮૦/૧૦૮ '' | ૧૭૦ |

| | |
|---|---|
| ----- | --- |
| ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| **ગાર્ડન** | |
| ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૭ |
| ૬૨ ક્રિમ્પ | ૧૭૨.૨૫ |
| ૬૮ ક્રિમ્પ | ૧૬૮.૫ |
| ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૩૭ |
| ૮૦ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૮૦/૭૨ રોટો | ૧૬૭.૫ |
| ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૩૦/૩૬ એફડી | --- |
| TPM | ૧૬૭.૫ |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૭૦૦ |
| એમ-૩૦ | ૫૬૦૦ |
| એસ-૩૦ | ૫૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૦૬૦૦ |
| તેજાબી સોનું | ૧૫૦૫૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૩૦૭૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૭૫૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૦૬૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૧૪૧૦૦ |
| ચાંદી સિક્કા | ૨૧૫૬૦૦ |

## ગુજરાતી સમાજમાં મચ્છર, માંકડ, હાથી, ઘોડા, વાઘ, પોપટ, શિયાળ વગેરે અટકો કેવી રીતે ઉત્પન્ન થઈ?

ફલાયદુબઈ એરલાઇનના વિમાનમાં થોડા દિવસો પહેલાં બનેલી એક ઘટના બાદ ગુજરાતમાં જન્મેલા કેપ્ટન સ્મિત મચ્છર ચર્ચામાં આવ્યા છે. તેમની બહાદુરીની સાથે તેમની અટક 'મચ્છર'ની પણ સોશ્યલ મીડિયા પર ચર્ચા થઈ રહી છે. ગુજરાતમાં પ્રાણીઓ અથવા જંતુઓનાં નામ પરથી ઘણી અટકો રાખવામાં આવી હોય તે સામાન્ય બાબત છે. ગુજરાતમાં ઘોડા, મચ્છર, હાથી, વાઘ, માંકડ, પોપટ, વીંછી અને શિયાળ જેવી અટકો ખૂબ જ સામાન્ય છે. આ ઉપરાંત કીડી, મંકોડી, ચકલી, ટિટોડી, બકરી અને તેતર જેવી અટકો પણ જોવા મળે છે. પ્રશ્ન એ છે કે પ્રાણીઓ અને જંતુઓનાં નામો પરથી અટકો કેવી રીતે પડી અને સમાજમાં કેવી રીતે લોકપ્રિય થઈ?




સમાજશાસ્ત્રમાં 'ટોટેમિઝમ' નામની એક માન્યતા છે. તે મુજબ પ્રાચીન સમયમાં લોકો અલગ અલગ જૂથો અને જાતિઓમાં રહેતાં હતાં. દરેક જૂથ પોતાને ઓળખાવવા માટે પક્ષી અથવા પ્રાણીનાં પ્રતીકનો ઉપયોગ કરતું હતું. અંગ્રેજીમાં આને 'ટોટેમ' કહેવામાં આવે છે. આ પરંપરા અમેરિકા, આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાના ઘણા સમુદાયોમાં અસ્તિત્વમાં હતી. આના આધારે, એવો અંદાજ લગાવવામાં આવે છે કે પ્રાણીઓ, જંતુઓ અથવા પક્ષીઓનાં નામ પરથી રાખવામાં આવેલી આ અટકો પ્રાચીન સમયથી અસ્તિત્વમાં હશે. ગુજરાતી સાહિત્યકાર પ્રોફેસર વિનોદિની નીલકંઠે 'ગુજરાતી અટકોનો ઇતિહાસ' નામનું પુસ્તક લખ્યું છે, જેને ગુજરાત વર્નાક્યુલર સોસાયટી દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં તેઓ લખે છે કે જો આ અટકો ટોટેમ્સ પરથી ઊતરી આવી હોય, તો તે ઘોડો, હાથી અથવા વાઘ જેવી અટકો માટે સાચું હોઈ શકે છે; પરંતુ કીડી, મંકોડી, માંકડ અથવા મચ્છર જેવી અટકો માટે આ સાચું ન હોઈ શકે. એવું લાગતું નથી કે ગુજરાતી અટકો આ પરંપરામાંથી આવી છે. ગુજરાતી અટકોના ઇતિહાસની બારીકાઈથી તપાસ કરવાથી જાણવા મળે છે કે તે પાંચ, સાત કે દસ પેઢીઓથી વધુ જૂની નથી. એવું પણ શક્ય છે કે આ અનોખી અટકો સંબંધીઓ અને મિત્રો દ્વારા મજાક તરીકે આપવામાં આવી હોય. અમે આવી અટકો ધરાવતાં લોકો સાથે વ્યક્તિગત રીતે વાત કરી છે, પરંતુ મોટા ભાગનાં પરિવારો તેમની અટકો વિશે ખૂબ જ ઓછી જાણકારી ધરાવે છે. તેમની પાસે જે માહિતી છે તે ફક્ત અનુમાન છે.

જાણીતા સમાજશાસ્ત્રી વિદ્યુત જોશી કહે છે કે આવી અટકો મોટા ભાગે ગુજરાતના વડનગર નાગર સમુદાયમાં જોવા મળે છે. આ લોકો વડનગર અને જૂનાગઢમાં રહે છે. જો કે, આવી અટકો મોટા ભાગે જૂનાગઢના નાગર સમુદાયમાં વધુ જોવા મળે છે. એવું માનવામાં આવે છે કે આ અટકો એકબીજાની મજાક ઉડાવવા માટે બનાવવામાં આવી હતી.

વડનગરનાં નાગર લોકો જૂનાગઢના નવાબોના વહીવટમાં કોઈ પ્રકારનું કામ કરતા હતા. તેમની વચ્ચે ઘણી તકરાર અને મજાક થતી હતી. એવું માનવામાં આવે છે કે આ અટકો પણ પરસ્પર મજાકમાંથી આવી છે. તેઓ સરકારી બાબતોમાં સામેલ હતા, તેથી તેઓ તેમના કામમાં તેમની બુદ્ધિનો વધુ ઉપયોગ કરતા હતા. જૂના સમયમાં, નાગર સમુદાયનાં લોકોને મજાક-મસ્તીપ્રેમી લોકો માનવામાં આવતાં હતાં. ઉદાહરણ તરીકે, જો કોઈ તેમને પૂછે કે તેઓએ રાત્રિભોજનમાં શું રાંધ્યું છે, તો તેઓ કહેતા કે કૃષ્ણાવલી અને ચંદ્રકલા રાંધ્યાં છે. વાસ્તવમાં તેઓએ ખીચડી અને ડુંગળી રાંધી હતી. તેઓ જીવનને હળવાશથી લેવા માટે જાણીતાં હતાં. તેથી આવી અટકો મજાકના રૂપમાં હોઈ શકે છે.

પ્રોફેસર વિનોદિની નીલકંઠ તેમના સંશોધનના આધારે કહે છે કે આ બધી અટકો એકબીજાથી અલગ રીતે બનેલી છે અને તેમની રચનાનાં કારણો અલગ છે. હાથી અને વાઘ અટકો ગુજરાતી હિન્દુઓમાં જોવા મળે છે, પરંતુ બંને અટકો બનવાનાં કારણો સંપૂર્ણપણે અલગ છે. સમાજશાસ્ત્રી ગૌરાંગ જાની કહે છે કે સાહિત્યકાર રણજીતરામ વાવાભાઈએ એક વાર કહ્યું હતું કે ગુજરાતમાં કદાચ બીજે ક્યાંય કરતાં વધુ જાતિઓ અને સમુદાયો છે. અહીં સમુદાયો અને અટકોમાં ઘણી વિવિધતા છે. આપણી વ્યાપારિક સંસ્કૃતિને કારણે અહીં ઘણી અટકો વ્યવસાય સાથે સંબંધિત છે. ઉદાહરણ તરીકે દલાલ, બ્રોકર અને લાડવાવાલા. તે સમયે વાતચીત અને ક્રિયાપ્રતિક્રિયાનાં માધ્યમો ખૂબ જ મર્યાદિત હતાં. તેથી સમુદાય અને વ્યવસાયને ઓળખવા માટે આવી અટકો આપવામાં આવતી હતી. ગુજરાતમાં ગામડાંઓનાં નામ પરથી પણ અટકો આપવામાં આવી છે, જેમ કે સોજિત્રા. આવી અટકો મોટે ભાગે સૌરાષ્ટ્રમાં જોવા મળે છે.

પ્રોફેસર નીલકંઠ લખે છે કે કાઠિયાવાડના નાગર સમુદાયમાં ઘોડા અટક જોવા મળે છે. તેની ઉત્પત્તિ વિશે અનેક સિદ્ધાંતો છે. કાઠિયાવાડમાં ઘોડા નામનું એક ગામ છે અને ઘોડાસર નામનાં ઘણાં તળાવો છે. શક્ય છે કે આ અટક આ કારણોસર ઉદ્ભવી હોય. એવું પણ કહેવાય છે કે તે સમયે નાગર સમુદાયનાં લોકો એટલાં મજબૂત હતાં કે તેઓ ઘોડાસર તળાવનાં ઊંડાં પાણીમાં પણ ઘોડાની જેમ એક કાંઠાથી બીજા કાંઠા સુધી પહોંચી શકતાં હતાં. તેથી જ તે નાગરોને ઘોડા તરીકે ઓળખવામાં આવ્યાં. તેવી જ રીતે, પોપટ અટક પારસી અને હિન્દુ બંને સમુદાયોમાં જોવા મળે છે.

**ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■**

પ્રોફેસર નીલકંઠ આ પાછળનાં કારણો આપે છે. જેમ કે પોપટ જેવું નાક રાખવું અથવા પોપટની જેમ ગોખણપટ્ટીનું જ્ઞાન મેળવવું. મચ્છર અટક વિશે તેઓ લખે છે કે એવું માનવામાં આવે છે કે આ અટક કાઠિયાવાડથી આવી છે. શક્ય છે કે પરિવારમાં કોઈ ખૂબ જ ઈર્ષાળુ અને ગુસ્સાથી ભરેલું હતું. તેથી, લોકોએ તેને 'મત્સર' કે 'મચ્છર'નામ આપ્યું. એ પણ શક્ય છે કે તેમનો પરિવાર જે શેરીમાં રહેતો હતો ત્યાં ઘણા મચ્છર હતા. માંકડ પણ એક ખૂબ જ સામાન્ય અટક છે. તે કાઠિયાવાડના નાગર સમુદાય અને મુસ્લિમોમાં જોવા મળે છે. આ અટક ધરાવતાં લોકો તેનાં મૂળ ઋષિ માર્કંડેય પાસેથી મેળવે છે. એ પણ શક્ય છે કે માંકડ ધરાવતા વિસ્તારોમાં રહેતાં લોકોને માંકડ કહેવામાં આવ્યાં હોય. જો કોઈ વ્યક્તિનો સ્વભાવ માંકડ જેવો જ તોફાની હોય અને તે બીજાને શાંતિથી બેસવા ન દે, તો તેને પણ માંકડ નામ આપવામાં આવ્યું હશે. તેવી જ રીતે, તેઓ વાઘ અટક વાઘેશ્વર મહેતા નામના એક અગ્રણી વ્યક્તિના નામ પરથી રાખે છે. તેમના પ્રભાવને કારણે આખો પરિવાર વાઘ તરીકે જાણીતો બન્યો હતો. સમાજશાસ્ત્રી ગૌરાંગ જાની કહે છે કે મચ્છર, હાથી અને ઘોડા જેવી અટકો મુખ્યત્વે ત્રણ સમુદાયોમાં જોવા મળે છે. આ સમુદાયો નાગર, લોહાણા અને બ્રહ્મક્ષત્રિય છે. હવે આવી અટકો ભાગ્યે જ જોવા મળે છે. આ બધી અટકો ફક્ત સૌરાષ્ટ્રના વિસ્તારોમાં જ જોવા મળે છે. અન્ય સમુદાયોથી વિપરીત, નાગર સમુદાયનાં લોકોએ તેમની અટક બદલી નથી. સૌરાષ્ટ્રમાં ૨૦૦ થી વધુ રજવાડાં હતાં. દરેક રજવાડાનું પોતાનું આગવું સ્થાન હતું. આ રજવાડાંઓમાં કામ કરતાં લોકોની અટકો પણ તેમની અલગ અલગ ઓળખ પ્રગટ કરતી હતી. મુઘલ શાસન દરમિયાન નાગર સમુદાય વહીવટમાં ખૂબ જ સામેલ હતો. તેઓ દિવાન તરીકે પણ સેવા આપતા હતા. શક્ય છે કે આ કારણે જ તેઓએ આવી અટકો અપનાવી હોય.

જો આપણે માંકડ અટક ધરાવતાં પ્રખ્યાત લોકો વિશે વાત કરીએ તો ક્રિકેટર વિનુ માંકડનું નામ સૌથી પહેલાં આવે છે. વિનુ માંકડને ભારતીય ક્રિકેટના શરૂઆતના સ્થાપિત ઓલ રાઉન્ડરોમાંના એક ગણવામાં આવે છે. ભૂતપૂર્વ ભારતીય ટેનિસ ખેલાડી નિરુપમા માંકડની પણ આ જ અટક છે. માંકડ અટક ધરાવતાં પ્રખ્યાત લોકોમાં ગુજરાતી લેખક અને નવલકથાકાર મોહમ્મદ માંકડનો સમાવેશ થાય છે. હાથી અટક ધરાવતા જાણીતાં લોકોમાં સૌરાષ્ટ્ર કોંગ્રેસના નેતા જયસુખલાલ હાથીનો સમાવેશ થાય છે. તેમણે લોકસભા અને રાજ્યસભાના સભ્ય તરીકે સેવા આપી હતી. તેમણે પંજાબ અને હરિયાણાના રાજ્યપાલ તરીકે પણ સેવા આપી હતી. ઘોડા અટક પણ ખૂબ જાણીતી છે.

ગુજરાતી ફિલ્મનિર્માતા અભિલાષ ઘોડા પણ આ જ અટક ધરાવે છે. પોપટ અટક ધરાવતાં લોકોમાં પ્રખ્યાત બેડમિન્ટન ખેલાડી અને અર્જુન પુરસ્કાર વિજેતા અપર્ણા પોપટ અને ગુજરાતી મૂળના બ્રિટિશ રાજકારણી ડોલર પોપટનો સમાવેશ થાય છે. ગુજરાતની ભાવનગર લોકસભા બેઠકનાં ભૂતપૂર્વ સાંસદ ભારતીબેન શિયાળની પણ આવી જ અટક છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**જાણીતા સમાજશાસ્ત્રી વિદ્યુત જોશી કહે છે કે આવી અટકો મોટા ભાગે ગુજરાતના વડનગર નાગર સમુદાયમાં જોવા મળે છે. આ લોકો વડનગર અને જૂનાગઢમાં રહે છે**


**ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ ટચૂકડી**
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**જગ્યા ભાડે આપવાની છે**
નાનપુરા વિસ્તારમાં પહેલા માળે 1000 Sqft., પાર્કિંગ લીફ્ટની સુવિધા સાથે. દલાલ આવકાર્ય.
સંપર્ક : 9898041152 8866360199

**માઁ ખોડિયાર જ્યોતિષ**
પંડિત વિનોદ કુમાર શર્મા (દુર્ગા ઉપાસક)
હસ્તરેખા/જન્માક્ષર થી ભવિષ્યનું સચોટ નીરાકરણ
પ્રેમ પ્યાર, લગ્ન માં વિલંબ, સોતન દુશ્મન થી છૂટકારો, ગૃહ કલેશ કરવું કરાવવું, નૌકરી અને વ્યાપાર રૂકાવટ,પતિ પત્નિ માં અનબન, કર્જ માંથી મુક્તિ,ઉપરોક્ત સમસ્યાઓનું સમાધાન સરળ રીતે મેળવો.
સમાસ્યાઓની દરેક વિગત ખાનગી રહેશે.
બંગલા નં A-28, બાલાજી કૃપા સોસાયટી, ગેટ નં-૧, પાલનપુર-જકાતનાકા રોડ, સુરત.
Mo.: 77779 22183

**माँ चामुडा ज्योतीष**
पता - चोकसी वाडी, अडाजन, सुरत
हमारे यहां पर हस्त रेखा जन्माक्षर देखकर जिवन का पुरा पुरा हल बताया जाता जेशे कि कारोबार घर में कंकास सास बहु में झगडा, विदेश योग, प्रेम, प्यार, सोतन से छुटकारा किया कराया वसी करण। (स्पेश्यालिस्ट)
Mo.7862990838

**પુરૂષાર્થ**
GST Registration @ 2000 Rs
GST Return @500 Rs PM
Incomtax Return of five Year
9974810262

**દુકાન વેચવાની છે**
700 Sq.Ft.
વરાછા - કોહિનૂર મેઈન રોડ પર
97375 79982

**FEMALE STAFF URGENT REQUIRE**
for TRAVEL COMPANY at Ring Road, Surat.
for DOMESTIC & INTERNATIONAL HOLIDAYS- AIR TICKET - VISA
1st priority for Experience English & Computer Knowledge - Graduate
9374692000

**જોઈએ છે**
અલથાણમાં
(૧) બે વ્યક્તિની રસોઇ માટે બેન.
(૨) આખા દિવસ માટે ઘરકામમાં મદદ કરે એવી બેન.
સંપર્ક :- સુજાતાબેન
9727495837

**જોઈએ છે**
1. આર.એમ.ઓ.(લેડી), ગાયનેક અનુભવી.
2. આયામાસી (અરજન્ટ)
3. સિસ્ટર
સંપર્ક :- ભક્તિ હોસ્પિટલ ઉધના ગામ, સુરત
9727711567

**વ્યવસાયીક ધંધાકીય**

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ચોખ્ખું ઘી મળશે-**
ગીર ગાયનું 9898170075, 9727293311

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રીનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**જુના AC લેવામાં**
આવશે. ચાલુ કે બંધ હાલતમાં, જુના 2 વ્હીલર ચાલુ કે બંધ હાલતમાં વેચવા માટે સંપર્ક કરો. Mo. 9316100413

**જુનો સામાન લેવામાં**
આવશે. AC, ફ્રીજ, વોશિંગ મશીન, ગ્રીલ, લોખંડ, ઘરઘંટી, સાયકલ તથા જુના 2 વ્હીલર લેવામાં આવશે. સંપર્ક કરો. Mo. 9316100413

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરિકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**સાગર 9427113317,**
(ભાઈબીજ) ગોવા, મહાબળેશ્વર, (એરકન્ડિશન) સ્લીપીંગમાં, સ્પેશિયલ ગોવા 11111/-

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ, રેલ્વે 2x2 AC બસ દ્વારા દિવાળીમાં પ્રવાસો, (1) દક્ષિણ ભારત, હૈદ્રાબાદ, શ્રીશૈલમ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, બેંગ્લોર. દિવસ- 14. તારીખ- 11/ 11, અને 24/ 11 (2) બનારસ, અયોધ્યા, નેપાળ, મુકિતનાથ. તારીખ- 24/ 12, દિવસ-12, (3) ભુતાન જાન્યુઆરીમાં. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો: દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

**DATE- 12/11,**
ચાર જ્યોતીંલિગ સાથે જગન્નાથપુરી, ગંગાસાગર, રહેવા- જમવા સાથે, AC સ્લીપર.- 9099733775

**કચ્છ રણોત્સવ**
જાણીતું, માનીતું નામ કિંજલ શાહ સંગાથે માણો કચ્છ રણોત્સવ- સફેદ રણ. કચ્છ, ભુજ/ માતાનો મઢ સાથે માંડવી JOY ENJOY TRAVEL PLANNER (KINJAL SHAH) 9426157371.

**વ્યવસાયીક વેચવાનું છે**

**શાર્પ BP -20M22 ઝેરોક્ષ**
મશીન વેચવાનું છે. 9408959575

**નોકરી વિષયક**

**જોઈએ છે**
ભરૂચ ડી. સે. કો. બેંક લી. રેલ્વે સ્ટેશન સામે ભરૂચ ને ઓફિસર જોઈએ છે, ૧. સેકેટરી કે જેઓ સી. એસ. થયેલા હોય. ૨. ઓફિસર (કોમ્પ્યુટર) કે જેઓ એમ.સી.એ ની ડિગ્રી સાથે ડેટા તથા પોર્ટલ ઓપરેટીંગમાં ૧૦ વર્ષ કામનો અનુભવ હોય. ૩. ઓફિસર (સેલ્સ ઓપરેશન/ પ્રમોશન) કે જેઓ એમ.બી.એ. માર્કેટીંગની ડીગ્રી સાથે બેંક/ કંપની પ્રોડક્ટસનાં સેલ્સ ઓપરેશન/ પ્રમોશનમાં ૧૦ વર્ષ નો અનુભવ હોય દિન- ૫ માં અરજી કેવી ચેરમેન. (361)

**સ્ટાફ જોઈએ છે,**
ભાઈઓ- બહેનો (૧) સફાઈકામ માટે (૨) પરચુરણકામ માટે (૩) રીસેપ્શન માટે કોમ્પ્યુટર ચલાવી શકે તેવા સંપર્ક: 9428740240 (રહેવાની તથા જમવાની સગવડ મળી જશે

**રસોઈ બનવવા માટે**
બહેન/ મહારાજ અડાજણ વૃદ્ધાશ્રમમાં જોઈએ છે. 9979054855 (362)

**મિલ્કત વેચવાની છે**

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ: કાળા વ્યારા કણજા. Mo. 9687580001

**NA Plan Pass**
12 વિંઘા જમીન વેચવાની છે. ગામ: પંડવાઈ (કોસંબા) Mo. 9687580001

**ખેતી લાયક**
42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ. MO. 9687580001

**2.15 વિંઘા**
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામ: ટેના રાંગ Mo. 9687580001

**3 BHK ફ્લેટ**
વેચવાનો છે ફર્નિચર સાથે ગ્રિનસીટી પાલ. 9924804455

**વેચવાનું છે**
(1) સચીન જી.આઈ.ડી.સી મેઈન રોડ ૫૦૦૦ મીટર ૨૫૦૦ મીટર ૧૦૦૦ મીટર પ્લોટ શેડ (2) પાંડેસરા જી.આઈ.ડી.સી 20,000 વાર 3000 વાર કેમીકલ ઝોન ૧૨૦૦ વાર કોર્નર રોડ પાવર. (3) ઉધના સંઘ ૧૨૦૦ વાર કોર્નર ૬૦૦ વાર ૩૦૦ વાર પ્લોટ શેડ Mo. 9558954423

**100% વાસ્તુવાળો**
નવો ફ્લેટ વેચવાનો વિદેશ જવાનું હોવાથી વેસુ લાલઘોડા સર્કલ ૨૬૦૦ ફૂટ 9825100525

**વેચવાનું છે**
(1) ઉધના એસ ટી ડેપો બાજુમાં ૧૦૦x૧૦૦ ફૂટ બે રોડ (2) ઉધના સોલાપુર બજરંગ મીલ પાસે ૫૦x૧૪૦ ફૂટ ૮૫x૧૪૦ ફૂટ (3) બી.આર.સી ઉધના ૧૪૦૦ વાર ૫૦૦ વાર શોરૂમ માટે મેઈન રોડ ૨૦૦ ફૂટ રોડ, વેસુ ૧૯૦૦ ફૂટ મેઈન રોડ પહેલો માળ શોરૂમ ઓફીસ માટે MO. 8200006737

**મહિધરપુરા હરિપુરા**
આજુ બાજુ પ્લોટ, મકાન, ફ્લેટ લેવા વેચવા 9879276073

**પ્લોટ, બંગલો, ફ્લેટ**
લેવા વેચવા ઘોડદોડ, સિટીલાઈટ, પીપલોદ, પાર્લે પોઈન્ટ, વેસુ, 9879276073

**વકીલ, CA, આર્કીટેક**
ટ્રાવેલ્સ લાયક ઓફિસ વેચવાની પાર્લે પોઈન્ટ 9879276073

**પ્લોટ વેચવાનો છે**
૨૩૦ વાર ફ્રિ હોલ્ડ ન્યુ સિટીલાઈટ MO. 9825109400

**પ્લોટ વેચવાનો છે**
૪૮૫ વાર ૮૫૦૦૦/- વારનો ભાવ, વેસુ. MO. 9825109400

**મિલ્કત ભાડેથી**

**ભાડે આપવાના છે.**
3 ફ્લેટ 3 BHK જહાંગીરાબાદ ડી- માર્ટની બાજુમાં રોડ સાઈડ. Mo. 9227500420

**જોઈએ છે**
ભાડેથી ઉધના ભેસ્તાન મેઈન રોડ ટચ શોરૂમ માટે ૧૫૦૦ ફુટ કારપેટ ગ્રાઉન્ડ મોટા વરાછા ડીંડોલી મેઈન રોડ. Mo. 8200006737

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.